# ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશાનો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

સુભાષ એમ. વણકર
રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર વિભાગ,
હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ

**૧. પ્રસ્તાવના**

''કેળવણી એટલે અધ્યેતા દ્વારા જ્ઞાનનું સંપાદન'' કેળવણીની ભવ્ય ઈમારત ચણવા માટે શિક્ષણરૂપી પાયો હોવો જરૂરી છે. આજના આધુનિક યુગમાં શિક્ષણ એ સામાજિક પરિવર્તનની ધરી રૂપ છે અને વિદ્યાર્થી આ પરિવર્તનની ધરીનું ચાલકબળ છે. આજનું જીવન ઘણું સમસ્યારૂપ બની ગયું છે. આપણા દેશમાં શિક્ષણક્ષેત્રે ડગલે ને પગલે સમસ્યાઓ ઊભી થતી જોવા મળે છે. છતાં હજુ સુધી તેના નિવારણ માટે કોઈ ફળદાયક ઉપાયો ઉપલબ્ધ થયા નથી.

આજનું શિક્ષણ વિદ્યાર્થીઓમાં જ્ઞાન મેળવવા માટેની જીજ્ઞાસા ઉત્પન્ન કરી શકતું નથી. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને બદલે તે તેના ફક્ત માનસિક વિકાસને અને તે પણ અપૂર્ણ રીતે તાકે છે.

શિક્ષણ સંસ્થાઓમાં સંશોધન કરતા વિદ્યાર્થીઓને સૌથી મોટી જો કોઈ હતાશાસતાવતી હોય તો તે પરીક્ષામાં નાપાસ થવાની છે. પરીક્ષાની સાથે સાથે આ અવસ્થામાં વિદ્યાર્થીને વાલી કે કુટુંબની સમસ્યાઓ પણ નડે છે. વિદ્યાર્થીને ઘર, સમાજ કે મિત્ર જૂથમાં પોતાનું સ્થાન ઊંચું રાખવાની સતત હતાશારહે છે.વળી તેનો શિક્ષકગણ પણ તેને આદર અને માનથી જુએ તેની હતાશારહ્યા કરતી હોય છે. આવી નાની નાની ચિંતાઓ વિદ્યાર્થીને કોરી ખાય છે. અને તેને લીધે વિદ્યાર્થીઓ સંશોધનમાં ધ્યાન આપી શકતા નથી. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને તેમની બધી સમસ્યાઓનો ઉકેલ ન મળતાં તેઓ માનસિક તાણ કે મૂંઝવણ અનુભવે છે. આમ બને ત્યારે વિદ્યાર્થી હતાશ થઈ જાય છે અને છેવટે સંશોધનમાં રસ ન પડતાં સંશોધન પ્રત્યે વિમુખ બને છે. પરિણામે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેની માઠી અસર પડે છે. વિદ્યાર્થીઓને પરીક્ષા વિશે કેટલા પ્રમાણમાં અને કેવી હતાશારહે છે. તે હતાશામાપન કસોટી દ્વારા જાણી શકાય છે. પરીક્ષાની પૂર્વે સંશોધનનું આયોજન થઈ શકતું નથી. તેથી વિદ્યાર્થી પરીક્ષા સમયે સતત હતાશાઅનુભવે છે. ઉપરાંત વાલીઓની વધુ પડતા સારા માર્કસની અપેક્ષાના દબાણની વિદ્યાર્થીના માનસ પર ઘેરી અસર પડે છે. તેથી તેને સતત પરીક્ષાની હતાશાસતાવે છે. પરિણામે વિદ્યાર્થી કયારેક આત્મહત્યા કરવા પણ પ્રેરાય છે.

હાલના સંજોગોમાં પરીક્ષાના હાઉથી ભયભીત વિદ્યાર્થીઓમાં આપઘાતની ઘટનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ૬,ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ 'ગુજરાત સમાચાર' માં ભણતરનો ભાર તથા પરીક્ષાના હાઉથી ભયભીત ધોરણ-૯ ના વિદ્યાર્થીએ નદીમાં ઝંપલાવી આપઘાત કરવાની ઘટનાએ સમર્થન આપ્યું છે. ગણિતનું પ્રશ્નપત્ર ખરાબ જતાં જુહાપુરાનો શહેજાદ પરીક્ષામાં નિષ્ફળતા સાંપડવાના ખ્યાલથી હતાશ બનેલ. તેણે પરીક્ષાના હાઉ તથા ભણતરના ભારમાંથી હંમેશને માટે મુકિત મેળવી લીધી હતી.

એવી એક બીજી વાત જોઈએ તો ઘણી હતાશા અને દબાણથી પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ આપઘાત માટે પ્રેરાય છે. શાળાઓની વાર્ષિક પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં નિરાશા અને હતાશાની ગર્તામાં જતાં રહે છે. તેમજ પરીક્ષાના હાઉ, મા-બાપ તરફથી દબાણ અને વધુ પડતી અપેક્ષા વગેરે કારણોથી તેઓ આત્મહત્યા ના વલણ પ્રતિ દોરાય છે. ભારતમાં દર વર્ષે એક લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના નિરિક્ષણ પ્રમાણે ૨૦૨૦ સુધીમાં આ આંકડો વધીને દોઢ લાખ થવાની શકયતા છે. અમદાવાદમાં 'સાથ' સ્વૈચ્છિક સંસ્થા ખાતે આત્મહત્યા નિવારણ કેન્દ્ર ચલાવવામાં આવે છે.

'ગુજરાત સમાચાર' માં આપઘાતના કિસ્સાઓ માટે મનોવૈજ્ઞાનિક તારણ પ્રમાણે, વધુ પડતી અપેક્ષાના દબાણની વિદ્યાર્થીના માનસ પર ઘેરી અસર પડે છે. મહાનગર મુંબઈમાં વિતેલા એક મહિનામાં અડધો ડઝન જેટલા વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સા બનતાં વિદ્યાર્થીઓની મનઃસ્થિતિ ચર્ચાનો વિષય બની છે.

ભણતરની હતાશા કે તણાવથી થતા આપઘાત એ સમગ્ર સમાજનું કલંક છે. બાળકમાં નાનપણથી જ આત્મવિશ્વાસ ઊભો કરવો જરૂરી છે. તેનું ઘડતર એવી રીતે કરવામાં આવે કે જેથી તે કોઈપણ પરિસ્થિતિમાં ગભરાય નહિ અને પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ બને.

હતાશા અંગે હેરી અને લામ્બના મતાનુસાર,

"The study of anxiety, as a specific subjective experience, a Psychological Stato or a Personality Trait, has received attention in social psychology mainly as a determinant of affiliative behavior"

વિદ્યાર્થી પરીક્ષાની પૂર્વ તૈયારીના અભાવે સતત તાણ અનુભવે છે. આ બાબતોને ધ્યાનમાં લઈને સંશોધનકે નીચે જણાવેલ હતાશા વિશેની સમસ્યા પસંદ કરી છે.

**૨. સમસ્યાકથન**

ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશાનો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

**૩. સંશોધનના હેતુઓ**

૧. વિદ્યાર્થીઓની હતાશા જાણવી.
૨. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની કક્ષા જાણવી.
૩. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.
૪. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.
૫. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.

**૪. સંશોધનની ઉત્કલ્પનાઓ**

૧. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૨. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૩. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૪. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૫. ગ્રામ્ય વિસ્તારની છોકરીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૬. શહેરી વિસ્તારના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૭. શહેરી વિસ્તારની છોકરીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.
૮. ગ્રામ્ય વિસ્તારના ધોરણ-૧૨ના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.

**૫. સંશોધનનું મહત્વ**

૧. આ સંશોધન વડે વિદ્યાર્થીઓ દ્વારા અનુભવાતી ચિંતાઓ સંબંધિત માહિતી પ્રાપ્ત કરી શકાય જે શિક્ષણ જગત માટે ઉપયોગી સાબિત થશે.
૨. આ સંશોધનથી વિદ્યાર્થીઓમાં રહેલી પરીક્ષા વિષયક ચિંતાની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરો જાણી શકાશે.
૩. પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ દ્વારા અનુભવાતી ચિંતાના કારણો જાણી શકાશે.
૪. વિદ્યાર્થીઓમાં રહેલી હતાશા દૂર કરવાના ઉપાયો વિચારી શકાશે.
૫. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિ વિકસાવવાનો પ્રયત્ન કરી શકાશે.
૬. આ સંશોધન વિદ્યાર્થીઓમાં માનસિક ઘડતર માટે સવિશેષ ઉપયોગી કે મહત્વનો બનશે.
૭. આ સંશોધન શિક્ષણમાં પરીક્ષણ ક્ષેત્રે સુધારો કરવા માટેના પ્રયાસોમાં ઉપયોગી બનશે.
૮. આ સંશોધનથી વિદ્યાર્થીની પરીક્ષા સંબંધિત હતાશાકેમ ટળે અને વિદ્યાર્થી કેવી રીતે સફળતા મેળવે તે સૂચવી શકાશે.

**૬. સંશોધનની મર્યાદાઓ**

૧. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ફક્ત ઇડર તાલુકાની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
૨. પ્રસ્તુત સંશોધન આણંદ તાલુકાની ૧૦ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૧ના ૧૦૦ વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે.
૩. પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગમાં લીધેલ ઉપકરણ "હતાશા માપદંડ" સ્વરચિત અને બિનપ્રમાણિત છે.
૪. પ્રસ્તુત સંશોધનમાં પૃથક્કરણ ફક્ત $\chi^2$ અને $C$ ના ઉપયોગ દ્વારા કર્યુ છે.

**૭. સમસ્યાનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર 'શૈક્ષણિક મનોવિજ્ઞાન'નું છે.

**૮.સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન એ વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

**૯.સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળાકીય સર્વેક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧૦.વ્યાપવિશ્વ અને નિદર્શ**

સંશોધનક સંશોધન સમસ્યા સ્પષ્ટ થતાંની સાથે જ એ પણ નક્કી કરે છે કે તેનો વ્યાપ કેટલો રહેશે, તેનું મહત્ત્વ કેટલું હશે, કઈ સીમાઓની અંદર રહીને કયા પરિમાણોને ધ્યાનમાં રાખી સંશોધન હાથ ધરશે, તેનાં તારણો કયા વ્યાપવિશ્વને લાગુ પાડી શકાશે. આમ, સંશોધનકે પ્રસ્તુત સંશોધનમાં ઇડર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સંશોધન કરતા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ પસંદ કરેલ છે. જેમાં ગ્રામીણ વિસ્તારની ૭ શાળાઓ અને શહેરી વિસ્તારની ૩ શાળાઓ એમ કુલ ૧૦ શાળાઓનો સમાવેશ થાય છે. જેમાં નિદર્શમાં ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો છે.

**૧૧.ઉપકરણની રચના**

પ્રસ્તુત સંશોધનમાં સ્વરચિત ઉપકરણ 'પરીક્ષા-હતાશામાપદંડ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧૨.માહિતી એકત્રીકરણની પ્રવિધિ**

માહિતી એકત્રીકરણ માટે ઇડર તાલુકાની નિશ્ચિત કરેલી ૭ ગ્રામ્ય અને ૩ શહેરી વિસ્તારની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓના પ્રતિચારો મેળવીને માહિતી એકત્રિત કરી.

**૧૩.માહિતી પૃથક્કરણની રીત**

માહિતીનું પૃથક્કરણ એટલે માહિતી વચ્ચેના સંબંધો જોવા. માહિતીના પૃથક્કરણમાં હતાશા માપદંડની વિધાનાવલીઓનું ગુણાંકન કરીને, વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિના પ્રથમ પરીક્ષાના ગુણના આધારે મળેલા પ્રાપ્તાંકો પરથી આવૃત્તિ વિતરણો તૈયાર કરી સહસંબંધ (C) અને કાયવર્ગ ($\chi^2$) શોધવામાં આવ્યા અને તેના પરથી ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી છે.

**૧૪.સંશોધનના તારણો**

સંશોધકને માહિતીના પૃથક્કરણ દ્વારા પ્રાપ્ત થયેલ તારણો નીચે મુજબ છે.

$H_{o1}$ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને તેમની પરીક્ષા-હતાશા પરસ્પર સંબંધિત છે. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

$H_{o2}$ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશાઅને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને તેમની પરીક્ષા-હતાશા પરસ્પર સંબંધિત છે. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

$H_{o3}$ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશાઅને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

$H_{o4}$ ગ્રામ્ય વિસ્તારના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના છોકરાઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**$H_{05}$ગ્રામ્ય વિસ્તારની છોકરીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.**

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારની છોકરીઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત છે. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**$H_{06}$શહેરી વિસ્તારના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.**

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે શહેરી વિસ્તારના છોકરાઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**$H_{07}$શહેરી વિસ્તારની છોકરીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.**

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે શહેરી વિસ્તારની છોકરીઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**$H_{08}$ગ્રામ્ય વિસ્તારના ધોરણ-૧૨ના છોકરાઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.**

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના ધોરણ-૧૨ના છોકરાઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**$H_{09}$ગ્રામ્ય વિસ્તારની ધોરણ-૧૨ની છોકરીઓની હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ નહિ હોય.**

પૃથક્કરણના પરિણામોનું અર્થઘટન કરતાં ઉપરોકત ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારની ધોરણ-૧૨ની છોકરીઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમજ બંને રાશિ વચ્ચેનો સહસંબંધ નહિવત્ છે.

**સંદર્ભસૂચિ**

૧. ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. આચાર્ય,મોહિની. (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.
૩. જોષી, એચ. ઓ. (૨૦૦૯). કસોટી સંરચના. રાજકોટ : સ્વ. ડૉ. હરિભાઈ જી. દેસાઈ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ.
૪. દેસાઈ, કે. જી. અને દેસાઈ, એચ. જી. (૧૯૭૮). શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનની પ્રવિધિઓ.અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૫. રાવલ, એન. જી. નવનીત જનરલ નોલેજ. અમદાવાદ : નવનીત પબ્લિકેશન (ઈન્ડિયા) લિ.
૬. શાહ, દીપિકા ભદ્રેશ. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.